॥ શ્રીસ્વામિનીમદનમોહનૌ વિજયેતે ॥

માલા પહેરામણી શા માટે અને કેવી રીતે ?

: લેખક :

પૂ.પા.ગો.૧૦૮ શ્રીગોવિંદરાયજી મહારાજશ્રી
(પોરબંદર)

* * *

સંક્ષિપ્ત

આશૌચ દર્પણ

(સૂતક નિર્ણય)

: લેખક :

ગો.વા. પ્રેમલાલ ગો. મેવચા (ભક્તિપ્રિય)

* * *

: પ્રકાશક :

શ્રીગોવિંદરાયપ્રભુ પુષ્ટિ ગ્રંથ પ્રકાશન ટ્રસ્ટ

॥ શ્રીસ્વામિની મદનમોહનૌ વિજયેતે ॥

સંક્ષિપ્ત આશૌચ દર્પણ (સૂતક નિર્ણય)

: લેખક :

પ્રેમલાલ ગો. મેવચા (ભક્તિપ્રિય)

પ્રાસ્તાવિક

ઉપનિષદનું વાક્ય છે કે, 'धर्मं चर ।' એટલે કે, 'ધર્મનું આચરણ-પાલન કર.' ધર્મ એ માત્ર મુખથી બોલવાનો નહીં, પણ આચરણમાં મૂકવાનો પદાર્થ છે.

શુદ્ધિ-અશુદ્ધિ, ધર્મનાં પ્રધાન અંગ છે. વર્તમાન સમયમાં શુદ્ધિ-અશુદ્ધિનો વિવેક પ્રાયઃ નષ્ટ થતો જાય છે. ધર્મનું પાલન કરનાર વ્યક્તિએ એ બંને પદાર્થનું સ્વરૂપ અવશ્ય જાણી લેવું જોઈએ. શુદ્ધિ બે પ્રકારની છે. (૧) આંતર અને (૨) બાહ્ય. દેહશુદ્ધિ એ બાહ્ય ગણાય અને અંતઃકરણશુદ્ધિ એ આંતર ગણાય. અનાચારથી દેહ અપવિત્ર બને છે, જ્યારે દુરાચારથી અંતઃકરણ અશુદ્ધ બને છે.

આશૌચ-સૂતક-એ પણ પુષ્ટિમાર્ગીય આચારનું જ અંગ હોવાથી એના વિષે જાણી લેવું અત્યંત આવશ્યક છે. સૂતક પાળવાની અજ્ઞાનતાને લીધે ઘણી વાર ગોટાળો થાય છે. સૂતક વિષે ગોટાળો વળવો–એ ધર્મને હાનિકર્તા હોવાથી એ વિષે ઉચિત જ્ઞાન મેળવી લેવું જોઈએ.

આ સંબંધમાં મનુસ્મૃતિ, વિષ્ણુસ્મૃતિ, દેવલસ્મૃતિ આદિ શાસ્ત્રગ્રંથોમાં તેમજ મરીચિ, અંગિરા આદિ ઋષિઓએ ઘણું જ સ્પષ્ટીકરણ કર્યું છે. તેના ઉપરથી સંપ્રદાયની પ્રણાલિકાનુસાર, વિસનગરના રહીશ અને કાંકરોલી-મંદિરના મુખિયાજી શ્રીનિર્ભયરામ ભટ્ટજીએ **'આશૌચ નિર્ણય'** નામનો ગ્રંથ

સંસ્કૃતમાં લખ્યો છે. તેના ઉપરથી તેમજ ગો.વા. શ્રીહરિકૃષ્ણ વીરજી શાસ્ત્રીજીના પુસ્તક ઉપરથી પૂ.પા.ગો. શ્રીગોવિંદરાયજી મહારાજની આજ્ઞાથી પ્રસ્તુત 'સંક્ષિપ્ત આશૌચ-દર્પણ' (સૂતક નિર્ણય) પુસ્તક લખવામાં આવ્યું છે. આશા છે, સદાચારપરાયણ વૈષ્ણવોને એ ઉપયોગી થશે. 'ઈતિ શમ્ ।'

વિનીત,
પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય'ના
સદૈન્ય ભગવત્સ્મરણ

આશૌચ-દર્પણ

(સૂતક-નિર્ણય)

આપણા ધર્મશાસ્ત્રમાં આશૌચ (સૂતક)ના બે પ્રકાર વર્ણવેલા છે : (૧) જનનાશૌચ (પિંડરુ) અને (૨) મરણાશૌચ.

બન્ને પ્રકારના આશૌચમાં બ્રાહ્મણને દશ રાત્રિ, ક્ષત્રિયને બાર રાત્રિ, વૈશ્યને પંદર રાત્રિ અને શુદ્રને એક માસનું સૂતક લાગે છે.

પિંડરુ વિષે આપણે પ્રથમ જાણી લઈશું. પહેલાથી ચોથા મહિના સુધી “ગર્ભસ્ત્રાવ” કહેવાય છે; પાંચથી છ મહિના સુધી “ગર્ભપાત” કહેવાય છે; ત્યારપછી “પ્રસૂતિ” કહેવાય છે.

૧. પિંડરુ

(૧) ગર્ભસ્ત્રાવમાં ત્રણ દિવસ, ગર્ભપાતમાં પાંચ કે છ દિવસ માત્ર માતાને લાગે; બાકીના સાત પેઢીઓને સ્નાન માત્ર લાગે.

(૨) પિંડરુમાં પુત્ર જન્મ થયો હોય તો પિતાએ જન્મની ખબર સાંભળતાં જ સવસ્ત્ર સ્નાન કરી, પુત્રનું મુખ જોઈને ફરી વાર સવસ્ત્ર મંગળ સ્નાન કરવું.

(૩) પુત્રીના જન્મમાં સ્નાન કરવાની આવશ્યકતા નથી.

(૪) પિતાને પિંડરુ સંપૂર્ણ લાગે.

(૫) સમય વિત્યા પછી સાંભળવામાં આવે તો પિંડરુ લાગતું નથી. ફક્ત પુત્રના પિતાને સ્નાન માત્ર લાગે.

(૬) પુત્રવતી પ્રસૂતિકા (સુવાવડી)ને એક માસ પર્યંત અશુદ્ધિ રહે છે. એકત્રીસમેં દિવસે ઉપવાસ કરીને શુદ્ધ થાય છે. એટલે કે, ત્યારે જળસ્પર્શનો અને રસોઈ કરવાનો અધિકાર થાય છે.

(૭) પુત્રીવતી ચાલીસમેં દિવસે શુદ્ધ થાય છે.

(૮) બંનેની (પુત્ર તેમજ પુત્રીની) માતાની અસ્પૃશ્યતા વીસમેં દિવસે જ દૂર થાય છે. એટલે કે, પરસ્પર અડકી શકાય છે.

(૯) બંને આશૌચમાં હવેલી-મંદિરે સામગ્રી ન પહોંચાડી શકાય કે સેવામાં નાહી ન શકાય. પિંડરુમાં ગૃહસેવા પટવસ્ત્રથી થઈ શકે; જળનો સ્પર્શ ન થાય.

(૧૦) પુત્રજન્મમાં નાળછેદન પહેલાં સોનું, ધાન્ય, વસ્ત્ર, ઘી, ગાય વગેરેનું દાન આપી શકાય છે, તેમજ છટ્ઠે દિવસે છટ્ઠી-પૂજા કરી શકાય અને હવેલી-મંદિરે સામગ્રી પણ પહોંચાડી શકાય.

(૧૧) વિવાહ પછી પુત્રી પિતાને ઘેર બાળકને જન્મ આપે કે બાળક મરણ પામે તો પુત્રીનાં માતા-પિતાને પિંડરુ તથા સૂતક બંને લાગે.

(૧૨) પુત્રી તેના સાસરે બાળકને જન્મ આપે તો પુત્રીના પિતૃ-પક્ષમાં પિંડરુ લાગે નહીં.

૨. સૂતક

(૧) મરણ-આશૌચના ચાર પ્રકાર છે: (અ) સંપૂર્ણ, (આ) ત્રણ રાત્રિ, (ઈ) પક્ષિણી અને (ઉ) એક રાત્રિ.

(અ) બ્રાહ્મણને દશ રાત્રિ, ક્ષત્રિયને બાર રાત્રિ, વૈશ્યને પંદર રાત્રિ અને શૂદ્રને એક માસ સૂતક પાળવું - એ સંપૂર્ણ સૂતક

કહેવાય છે. સંપૂર્ણ સૂતકમાં બ્રાહ્મણ બારમે દિવસે, ક્ષત્રિય તેરમે દિવસે અને વૈશ્ય સોળમે દિવસે શુદ્ધ થાય.

(આ) 'ત્રણ રાત્રિ'ના સૂતકમાં ચોથે દિવસે શુદ્ધ થાય.

(ઈ) 'પક્ષિણી' એટલે દિવસે મરણ થાય તો બે દિવસ અને એક રાત્રિ, તથા રાત્રિએ મરણ પામે તો બે રાત્રિ અને એક દિવસ.

(ઉ) 'એક રાત્રિ'ના સૂતકમાં બીજે દિવસે શુદ્ધ થાય. રાત્રિ, અગ્નિસંસ્કાર પછી જ ગણાય.

(૨) મૂળ પુરુષથી લઈને સાત પેઢી સુધી 'સપિંડ' કહેવાય; આઠથી ચૌદ પેઢી સુધી 'સમાનોદક' કહેવાય; અને પંદરથી એકવીસ પેઢી સુધી 'સગોત્ર' કહેવાય.

સપિંડોનું પૂરું સૂતક લાગે; સમાનોદકનું ત્રણ રાત્રિનું લાગે અને સગોત્રનું એક રાત્રિ લાગે.

૩. **બંધુત્રય** : બાંધવોના ત્રણ પ્રકાર શાસ્ત્રમાં બતાવ્યા છે.

(૧) ફોઈના દીકરા, માસીના દીકરા, મામાના દીકરા એ 'આત્મબાંધવ' કહેવાય છે. (૨) પિતાની ફોઈના દીકરા, પિતાની માસીના દીકરા, પિતાના મામાના દીકરા - આ 'પિતૃબાંધવ' કહેવાય છે. (૩) માતાના ફોઈના દીકરા, માતાની માસીના દીકરા, માતાના મામાના દીકરા - આ 'માતૃબાંધવ' કહેવાય છે.

આ 'બંધુત્રય' (ત્રણ પ્રકારના બાંધવ)માંથી કોઈ એકનું મરણ થાય તો દોઢ રાત્રિનું સૂતક લાગે છે.

(૪) ફોઈની દીકરી, માસીની દીકરી તથા મામાની દીકરી વિવાહીત હોય તો તેનું એક દિવસનું સૂતક લાગે. અવિવાહીત હોય તો દોઢ દિવસ લાગે.

(૫) સૂતકનો પ્રારંભ ક્યારથી ? – પિંડરુની શરૂઆત જન્મ સમયથી થાય છે. મરણ સૂતકની શરૂઆત સામાન્ય રીતે મૃત્યુકાલથી જ થાય છે, પછી દાહ ક્યારે પણ થયો હોય. પરંતુ કોઈ 'અગ્નિહોત્રી' હોય તો તેનું સૂતક દાહ કર્યા પછી જ શરૂ થાય છે.

(૬) મરણ ક્યારે પણ થયું હોય, પણ તે સાંભળવામાં આવે ત્યારે સ્પર્શનો તેમજ કર્મ કરવાનો નિષેધ લાગુ પડે છે; તે પહેલાં નહીં.

(૭) આશૌચની પૂરેપૂરી નિવૃત્તિ એક વરસે થાય છે. સ્ત્રીને પતિનું આશૌચ એક વરસ રહેતું હોવાથી જો તે મરજાદી હોય તો પોતાના શ્રીઠાકોરજીને ભોગ ધરીને પ્રસાદ લઈ શકે; પણ વરસ પછી મુંડન કરાવી, શુદ્ધ થઈ, શ્રીગુરુદેવની આજ્ઞાથી પોતાના શ્રીઠાકોરજીને 'પંચામૃત' કરાવે ત્યારે બીજો મરજાદી વર્ગ યથાવત્ ભોજન તથા જલપાન કરી શકે.

(૮) સૂતકમાં દર્શન – 'શૃંગાર' અને 'ભોગ'ના સમયમાં ઝારીજી ઊઠ્યા પછી જ સૂતકીને દર્શન થઈ શકે; બીજા કોઈ સમયમાં નહીં.

પિંડરુમાં દરેક સમયમાં દર્શન થઈ શકે.

(૯) બાળક જન્મીને મરણ પામે અથવા મરેલું જ જન્મે તો સપિંડોને સૂતક ન લાગે, માત્ર પિંડરુ લાગે.

(૧૦) દશ દિવસ પછી નામ પાડ્યા પહેલાં બાળક મરણ પામે તો મા-બાપને ત્રણ રાત્રિનું સૂતક લાગે અને સપિંડોને સ્નાન માત્ર લાગે.

૩. સગોત્ર મરણાશૌચ

(૧) અનૌરસ પુત્રનું ત્રણ રાત્રિ.

(૨) કન્યાનું ચૌલકર્મ પર્યન્ત ત્રણ પેઢી સુધી સ્નાન.

(૩) કન્યાનું ચૌલકર્મ પછી વાગ્દાન (સગાઈ) પૂર્વે એક દિવસ.

(૪) કન્યાનું વાગ્દાન પછી અને લગ્ન પૂર્વે સાસરિયાં તથા પિયરિયાં બંનેને ત્રણ રાત્રિ.

(૫) પુત્રીનું (લગ્ન થયા પછી) માતા-પિતા બંનેને ત્રણ રાત્રિ.

(૬) કુંવારી કન્યાને માતા-પિતાનું સંપૂર્ણ.

(૭) ધણી-ધણિયાણીને પરસ્પર સંપૂર્ણ.

(૮) પિંડરુમાં બાળક મરે તો સ્નાન.

(૯) બાળક (પુત્ર)ને દાટવામાં આવે તો નિકટના સંબંધીઓને સ્નાન.

(૧૦) બાળકનું, દાહ કરેલાનું નિકટના સંબંધીઓને ત્રણ દિવસ.

(૧૧) બાળકનું દાંત આવ્યા પૂર્વે દાટે તો સંબંધીઓને સ્નાન.

(૧૨) બાળકનું દાંત આવ્યા પછી દાટે તો સંબંધીઓને ત્રણ દિવસ.

(૧૩) બાળકનું માતા-પિતાને ત્રણ રાત્રિ.

(૧૪) બહેન (પરણેલી) પિતાને ઘેર મૃત્યુ પામે તો ભાઈને ત્રણ રાત્રિ.

(૧૫) બહેન (પરણેલી) સાસરે મૃત્યુ પામે તો ભાઈને પક્ષિણી.

(૧૬) બહેનને ભાઈનું સૂતક પક્ષિણી.

(૧૭) બહેન કુંવારીને દાટવામાં આવે તો એક રાત્રિ.

(૧૮) બહેન કુંવારીને દહન કરવામાં આવે તો ત્રણ રાત્રિ.

(૧૯) બ્રાહ્મણને સાત પેઢીમાં જનોઈવાળાનું દસ દિવસ.

(૨૦) ભિન્નપિતૃક સહોદર ભાઈનું ત્રણ રાત્રિ.

(૨૧) માતા (ઓરમાન અથવા સાવકી)નું ત્રણ દિવસ.

(૨૨) માતા-પિતાનું પુત્રને સંપૂર્ણ.

(૨૩) માતા-પિતાનું કુંવારી પુત્રીને પુત્રવત્ સંપૂર્ણ.

(૨૪) સમાનોદકમાં જનોઈવાળાનું સ્નાન.

(૨૫) સપિંડ સાત પેઢીમાં જનોઈવાળાનું દસ દિવસ.

(૨૬) દત્તક પુત્ર મૃત્યુ પામે તો ગોદ લેનાર મા-બાપને તથા સપિંડોને દસ રાત્રિનું સૂતક લાગે, જ્યારે જનક મા-બાપને ત્રણ રાત્રિનું સૂતક લાગે. આ સૂતક સાત પેઢીમાંથી દત્તક લેવામાં આવ્યો હોય ત્યારે લાગે, પણ બાળકને બીજા કુળમાંથી દત્તક લેવામાં આવ્યો હોય તો જનક તથા પાલક મા-બાપને ત્રણ રાત્રિનું સૂતક લાગે અને સપિંડોને એક દિવસનું સૂતક લાગે.

(૨૭) દત્તકને, પાલક મા-બાપના મરણમાં દસ રાત્રિ તથા જનક મા-બાપના મરણમાં ત્રણ રાત્રિ.

૪. પરગોત્ર મરણાશૌચ

(૧) અનુચાન (વિદ્વાન, અંગ સહિત વેદ ભણાવનાર)નું એક રાત્રિ.

(૨) અસપિંડનું મરણ જેને ઘેર થાય તેને ત્રણ રાત્રિ.

(૩) આચાર્યનું શિષ્યને ત્રણ રાત્રિ.

(૪) ગુરુનું શિષ્યને એક રાત્રિ.

(૫) શિષ્યનું ગુરુને સ્નાન.

(૬) ઋત્વિજનું યજમાનને પક્ષિણી.

(૭) જમાઈનું સ્નાન.

(૮) દાદા તથા નાનાની બહેનો, મામા-મામીઓ તથા તેમની પ્રજાનું પક્ષિણી, મામા-મામીઓ પોતાને ઘેર મૃત્યુ પામે તો ત્રણ દિવસ.

(૯) દૌહિત્ર, જનોઈ વગરનાનું પક્ષિણી.

(૧૦) દૌહિત્ર, જનોઈવાળાનું ત્રણ દિવસ.

(૧૧) દૌહિત્રીનું, દાટવામાં આવે તો સ્નાન.

(૧૨) દૌહિત્રીનું, દાહ કરવામાં આવે તો પક્ષિણી.

(૧૩) નાના-નાનીનું ત્રણ રાત્રિ.

(૧૪) પરણેલી પુત્રીને મા-બાપને ત્રણ રાત્રિ.

(૧૫) પરણેલી પુત્રીનું, પાંચ પેઢી સુધી સ્નાન.

(૧૬) ફોઈનું પક્ષિણી.

(૧૭) બંધુત્રયનું (જનોઈ પછી) પક્ષિણી.

(૧૮) બંધુત્રયનું (દાટવામાં આવે તો) સ્નાન.

(૧૯) બંધુત્રયનું (જનોઈથી પૂર્વે) એક દિવસ.

(૨૦) બંધુત્રયનું સ્ત્રીરૂપમાં, પુરુષ પ્રમાણે જ લાગે.

(૨૧) બંધુત્રયનાં છોકરાંઓનું સ્નાન.

(૨૨) બાળક મરેલું અવતરે તો સ્નાન.

(૨૩) ભાણેજનું (દાટવામાં આવે તો) સ્નાન.

(૨૪) ભાણેજનું (દાહ કર્યો હોય તો) પક્ષિણી.

(૨૫) ભાણેજનું (જનોઈ વગરનાનું) પક્ષિણી.

(૨૬) ભાણેજનું (જનોઈવાળાનું) ત્રણ દિવસ.

(૨૭) મામા-મામીને ભાણેજનું (દાટે તો) સ્નાન.

(૨૮) મામા-મામીને ભાણેજનું (દાહ કરે તો) પક્ષિણી.

(૨૯) મામા વગેરેનું (એક ગામમાં મૃત્યુ પામે તો) ત્રણ રાત્રિ.

(૩૦) મામા વગેરેનું (બીજા ગામમાં મૃત્યુ પામે તો) પક્ષિણી.

(૩૧) મામા વગેરેનું (દેશાંતરમાં ૨૪ ગાઉ ઉપર મૃત્યુ પામે તો) એક રાત્રિ.

(૩૨) મા-બાપનું પરણેલી પુત્રીને ત્રણ રાત્રિ.

(૩૩) નાની, માસી, મામો (સગો કે સાવકો), મામી અને મિત્રનું પક્ષિણી.

(૩૪) મામી (સાવકી)નું સ્નાન.

(૩૫) સાળા, સાળાના પુત્ર તથા બનેવીનું સ્નાન.

(૩૬) સાળીનું બનેવીને અને બનેવીનું સાળીને સ્નાન માત્ર.

(૩૭) સસરા-સાસુનું જમાઈને પક્ષિણી.

(૩૮) સહાધ્યાયીનું પક્ષિણી.

૫. અતિક્રાંતાશૌચ

(૧) એક દેશમાં, દશ દિવસનું સૂતક, દશ દિવસ વીતી ગયા પછી ત્રણ માસ સુધી સાંભળે તો ત્રણ રાત્રિ.

(૨) એક દેશમાં, દશ દિવસનું સૂતક, છ માસ સુધી સાંભળે તો દોઢ રાત્રિ.

(૩) એક દેશમાં, દશ દિવસનું સૂતક, નવ માસ સુધી સાંભળે તો એક દિવસ.

(૪) એક દેશમાં, દશ દિવસનું સૂતક, બાર માસ પછી સાંભળે તો સ્નાન-જલદાન.

(૫) પરદેશમાં, દશ દિવસ પછી સાંભળે તો સ્નાન.

૬. સન્નિપાત આશૌચ (એકમાં બીજું સૂતક પડે તો)

(૧) દશ દિવસના એક મરણ સૂતક ઉપર બીજું સૂતક દશ કે ત્રણ દિવસનું આવી પડે, તો તે પહેલાની સાથે જ ઊતરી જાય.

(૨) એક પિંડરુમાં બીજું પિંડરુ આવે તો પહેલાની સાથે જ ઊતરી જાય.

(૩) એક ઉપર બીજું સૂતક દશમે દિવસે પડે તો વધારે બે દિવસ.

(૪) એક ઉપર બીજું સૂતક દશમા દિવસની પાછલી રાત્રે પડે તો વધારે ત્રણ દિવસ.

(૫) પરણેલી પુત્રીને દશાહ પછી મા-બાપનું દોઢ દિવસ.

(૬) પિતાના નવ દિવસમાં માતાનું પડે તો વધારે પક્ષિણી.

(૭) પિતાના દશમે દિવસે માતાનું પડે તો વધારે ૩ા દિવસ.

(૮) પિતાના દશાહની પાછલી રાત્રે માતાનું પડે તો સંપૂર્ણ.

(૯) માતાના આશૌચમાં પિતાનું પડે તો સંપૂર્ણ.

(૧૦) વધારાના બીજા દિવસોમાં બીજું પડે તો સંપૂર્ણ.

(૧૧) સન્નિપાત આશૌચમાં સુવાવડી, અગ્નિસંસ્કાર કરનારને અને મરનારના પુત્રોને સંપૂર્ણ.

(૧૨) સપિંડોના સૂતકમાં મા-બાપનું પડે તો સંપૂર્ણ.

(૧૩) સપિંડોના સૂતકમાં સ્ત્રીનું પડે તો બાકીનું પૂર્વશેષ.

૭. મહત્ત્વની વાત

(૧) શબને દિવસે અડકે તો રાત્રે તારાદર્શનથી શુદ્ધિ થાય અને રાત્રે શબને અડકે તો સૂર્યદર્શનથી શુદ્ધિ થાય છે. એટલે કે તારાદર્શન કે સૂર્યદર્શન કરી, જનોઈ-કંઠી બદલી, ફરીવાર સ્નાન કરવાથી શુદ્ધિ થાય છે; પરંતુ માત્ર સ્મશાને જાય અને શબનો સ્પર્શ ન કરે તો બે વાર સ્નાન કરવાથી શુદ્ધિ થાય. એટલે કે એકવાર સર્વ ડાઘુઓ સાથે સ્નાન, બીજીવાર ઘેર આવીને સ્નાન કરવું.

(૨) શબનું મોઢું જોવાથી 'અપરસ' છોવાય. સેવામાં નહાતા હોય તેને અપરસ ન હોય તો પણ શબનું મોઢું જોવાથી સ્નાન લાગે.

(૩) સૂતકીનું અન્ન ખાનારને સૂતકી પ્રમાણે સૂતક લાગે. એકવાર સૂતકીનું અન્ન ખાનારને બાકી રહેલા દિવસો સુધી સૂતક લાગે.

(૪) શબ વહન કરનારને મરનારની જ્ઞાતિ મુજબ પૂરું સૂતક લાગે.

(૫) ગામમાં જ્યાં સુધી શબ પડ્યું હોય ત્યાં સુધી ગામને સૂતક લાગે.

૮. આશૌચ (સૂતક) કોને નથી લાગતું

(૧) સંન્યાસી, બ્રહ્મચારી, ચાન્દ્રાયણાદિ વ્રત કરતો હોય; રાજા, કારીગર, યજ્ઞની દીક્ષા જેણે લીધી હોય - તેઓને જન્મ-મરણનું આશૌચ લાગતું નથી.

(૨) તે જ પ્રકારે વિવાહ અથવા જનોઈના પ્રસ્તાવમાં નાન્દીમુખ શ્રાદ્ધ થઈ ચૂક્યું હોય, પાક સિદ્ધ થઈ ચૂક્યો હોય, યજ્ઞમાં બ્રાહ્મણોનું વરણ કરી મધુપર્ક સુધીની વિધિ થઈ ચૂકી હોય, શ્રીમદ્ ભાગવત સપ્તાહ યજ્ઞમાં વક્તા-શ્રોતાનું વરણ થઈ ચૂક્યું હોય તો તે આરંભેલાં કાર્યો, સૂતક પડે તો પણ ન અટકે.

૯. સૂતકમાં નિયમ

સૂતકમાં તેલથી મર્દન ન કરવું; પલંગ ઉપર ન સૂવું; અંગ ન દબાવવું; પાન ન ખાવું; ભૂમિ ઉપર કામળો કે ચટાઈ પાથરીને સૂવું; એક વખત ભોજન કરવું.

સૂતક ઊતરવાના આગલા દિવસે એકભુક્ત (એકટાણું) કરવું. કારણ કે સૂતકમાં ખાધેલું અન્ન જ્યાં સુધી પચે નહીં, ત્યાં સુધી સૂતકી પવિત્ર થઈ શકતો નથી - આવો સદાચાર છે.

સૂતકને છેલ્લે દિવસે ગામની બહાર જલાશય હોય ત્યાં સપિંડોની સાથે જઈ વપન, ક્ષૌર અથવા ચૌલ કરાવીને સ્નાન કરવું.

‘વપન’ એટલે કેવળ ચોટલી રાખીને માથાના તેમજ દાઢી-મૂછના કેશ ઊતરાવવા તે.

‘ક્ષૌર’ એટલે કેવળ ચોટલી રાખીને માથાના જ કેશ ઉતરાવવા તે.

‘ચૌલ’ એટલે માથાના બધા વાળ ઉતરાવવા તે.

૧૦. વપન આદિ ક્યારે કરાવવું

મામો-મામી, નાનો-નાની, સસરો, મોટો ભાઈ, દીક્ષા-ગુરુ, કાકા-કાકી, માતા-પિતા આટલાની પાછળ ‘વપન’ અવશ્ય કરાવવું.

સાવકી માતા, કાકા, મામા, અવસ્થાથી નાના હોય, પણ દરજજા-સંબંધથી મોટા હોય તેની પાછળ ‘વપન’ અવશ્ય કરાવવું.

નાનાની મરણક્રિયાનો મોટાને કરવાનો પ્રસંગ આવે, તો તેમણે માત્ર ‘ક્ષૌર’ કરાવવું.

દ્રવ્યશુદ્ધિ

અત્યારે એવો સમય આવ્યો છે કે, સ્પર્શાસ્પર્શનો-શુદ્ધિઅશુદ્ધિનો વિવેક મોટે ભાગે નષ્ટ થતો જાય છે; પરંતુ શુદ્ધિઅશુદ્ધિનું ધ્યાન રાખી ધર્મનું પાલન કરવાથી ઈષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. ઉપનિષદમાં કહ્યું છે કે, ‘धर्मं चर ।’ ધર્મનું આચરણ કરવું. ધર્મ એ કાંઈ મુખેથી બોલી બતાવવાનો નહીં, પણ આચરણમાં મૂકવાનો પદાર્થ છે.

શુદ્ધિના બે પ્રકાર છે. (૧) આંતર શુદ્ધિ અને (૨) બાહ્યશુદ્ધિ. દેહશુદ્ધિ એ બાહ્યશુદ્ધિ છે અને અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર)ની શુદ્ધિ એ આંતર શુદ્ધિ છે. અનાચારથી દેહ અશુદ્ધ–અપવિત્ર થાય છે અને દુરાચારથી અંતઃકરણ અશુદ્ધ–અપવિત્ર થાય છે. અનાચાર બહારનો અધર્મ છે, જ્યારે દુરાચાર અંદરનો અધર્મ છે. આ બન્ને શુદ્ધિ વિના સેવામાં મન ક્યાંથી જોડાય ?

જેમ અનાચારથી બચવા માટે પૂરેપૂરી કાળજી રાખવી જોઈએ, તેમ દુરાચારથી બચવા સવિશેષ સાવચેત રહેવું જોઈએ. પ્રેમના આવેગમાં પ્રભુ અનાચાર સહી લેશે. વાર્તા સાહિત્યમાં આના વિષે એક સચોટ દ્રષ્ટાંત છે કે, પરમ વૈષ્ણવ વાઘાજી રાજપૂત, પ્રભુને ઘી ધરવા માટે સ્નાન કર્યા વિના જોડા પહેરીને ભીતર પહોંચ્યા. આ દ્રષ્ટાંત પ્રેમના ઉત્કૃષ્ટ આવેગનું છે.

આપણને શુદ્ધિ–અશુદ્ધિનું બરાબર ધ્યાન રહે એટલા માટે દશદિગંતવિજયી શ્રીપુરુષોત્તમજી મહારાજે **‘દ્રવ્યશુદ્ધિ’** નામક ગ્રંથની રચના કરી છે, જે આપણને એ સંબંધમાં સારી સમજણ આપે છે.

એ ગ્રંથમાંથી જ દેશકાલાનુસાર આવશ્યક શુદ્ધિનો જ અહીં વિચાર કરવામાં આવ્યો છે.

આ પુસ્તક પ્રકાશિત કરતાં એમ થાય છે કે, સાંપ્રત સમયમાં સમાનતાને નામે બધી બાબતમાં એકમ થઈ રહ્યું છે. ત્યાં આ પુસ્તકનો કોણ ઉપયોગ કરશે ? પરંતુ પુષ્ટિમાર્ગમાં હૃદયથી ધર્મ પાળનારની સંખ્યા ઘણી જ વિશાળ હોવાથી

એવા આચાર-વિચારના આગ્રહી વૈષ્ણવોને માટે જ, પૂ.પા.ગો. શ્રીગોવિંદરાયજી મહારાજ (પોરબંદર)ની આજ્ઞાથી, શુદ્ધિની બાબતમાં આ પુસ્તક દ્વારા અવશ્ય માર્ગદર્શન મળશે એમ ધારીને આનું પ્રકાશન કાર્ય કરવામાં આવ્યું છે, જે આચાર-વિચારના આગ્રહીઓને ઉપયોગી થઈ પડશે.

વિનીત,

પ્રેમલાલ ગો. મેવચા 'ભક્તિપ્રિય'